# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 13-07-2025 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## રસ્તા રીપેર કામગીરી -:

જિલ્લામાં તાજેતરમાં પડેલા ભારે વરસાદના લીધે ક્ષતિગ્રસ્ત થયેલા રોડ રસ્તાઓને રીપેર કરવાની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે. ખાસ કરીને જ્યાં જ્યાં પાણીના પ્રવાહના લીધે રસ્તાઓ કે કોઝવે ક્ષતિગ્રસ્ત થયા છે તેને પ્રાથમિકતા આપીને કામગીરી કરવામાં આવી રહી છે. કચ્છમાં શહેરી રસ્તાઓ સાથે ગ્રામ્ય વિસ્તારને જોડતા રસ્તાઓ પણ યુદ્ધના ધોરણે રીપેર થાય તેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે.

વરસાદ બાદ અબડાસા તાલુકાના વિંઝાણ વાડી વિસ્તારનો કોઝવે પાણીના વધારે વહેણને લીધે ક્ષતિગ્રસ્ત થતા તેને બંધ કરવાની ફરજ પડી હતી. જોકે,પાણીનો પ્રવાહ ઓછો થયા બાદ માર્ગ અને મકાન વિભાગે કોઝવે ઉપર માટી અને મેટલિંગ વર્ક કરીને ત્વરિત કામગીરી શરૂ કરી હતી. હાલમાં આ કોઝવે પરથી વાહન વ્યવહાર પુન: શરૂ કરવામાં આવ્યો છે. માર્ગ અને મકાન વિભાગ તેમજ સંબંધિત વિભાગ દ્વારા આયોજનબદ્ધ રીતે રોડ રસ્તાઓના રીપેરીંગની કામગીરી કરવામાં આવી રહી છે.

-----------------------------------------------------------------------------------------

## 15મો પદવીદાન સમારોહ:

કચ્છ યુનિવર્સિટી દ્વારા આગામી 15મો પદવીદાન સમારોહ સંભવિત ઓક્ટોબર માસમાં યોજવામાં આવશે. વર્ષ 2025 સુધીમાં જે વિદ્યાર્થીઓ સ્નાતક અથવા અનુસ્નાતક થયા હોય તેવા ડિગ્રી મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ અગામી 15 થી 31 જુલાઈ સુધી ₹600 ફી સાથે તેમજ 1 થી 5 ઓગસ્ટ દરમિયાન રૂ.700 લેટ ફી સાથે ફોર્મ ભરી શકાશે.

અત્રે ઉલેખનીય છે કે એમબીએ, એમસીસી આઈટીનો 5 વર્ષનો અભ્યાસ કર્યો હોય પરંતુ તેમને ત્રણ વર્ષની સ્નાતકની ડિગ્રી બીબીએ,બીએસસીની ડિગ્રી લેવા ઇચ્છતા તમામ વિદ્યાર્થીઓ પણ કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ પરથી ફોર્મ ભરી શકશે.

--------------------------------------------------------------------------------------------

## પોસ્ટ ઓફિસ-રક્ષાબંધન:

ભાઈ-બહેનના પ્રેમના પ્રતીક એવા રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને કચ્છના ટપાલ તંત્રને રાખડી મોકલવા માટે ખાસ 8 પ્રકારના 2 હજાર કવર ફળવાયા છે અને ભુજ હેડ પોસ્ટ ઓફિસમાં અલગથી બે ટપાલ પેટી પણ મુકવામાં આવી છે. રાખડી, મીઠાઈ સહિત મહ્ત્તમ 5 કિલો વજન સુધીના પાર્સલ વિદેશ મોકલી શકાય છે.

અત્રે ઉલ્લેકનીય છે કે કચ્છના વિવિધ સમાજના લોકો ધંધાર્થે વિદેશમાં વસે છે, જેથી રક્ષાબંધનના તહેવાર પહેલા વિદેશ રહેતી બહેનો કચ્છ રહેતા પોતાના ભાઈ માટે અને કચ્છથી બહેનો પોતાના વિદેશ રહેતા ભાઈ માટે ટપાલ મારફતે રાખડી મોકલતી હોય છે. આ ઉપરાંત કચ્છ અને રાજ્યના જુદા જુદા જિલ્લા અને દેશના વિવિધ રાજ્યોમાં ટપાલ મારફતે રાખડી મોકલાવતી હોય છે.

--------------------------------------------------------------------------------------------

## ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ- મહિલા પાંખ બેઠક:

કચ્છની અગ્રણી વેપાર ઉદ્યોગ સંસ્થા ગાંધીધામ ચેમ્બરની મહિલા પાંખની એક બેઠક યોજવામાં આવી હતી જેમાં સંકુલની વિવિધ ક્ષેત્રે વ્યવસાય કરતી મહિલા ઉદ્યોગ સાહસિકો વચ્ચે વ્યાવસાયિક સંકલન સધાય અને સાથો-સાથ વ્યવસાયને આગળ વધારવા માટે સેમીનારો, વર્કશોપનું આયોજન કરવા વિચારણા કરવામાં આવી હતી.

દરેક ક્ષેત્રમાં વ્યસ્ત ઉદ્યોગ સાહસિક મહિલાઓને સાંકળીને એક વ્યાપક બિઝનેસ નેટવર્ક સ્થાપવા ભારપૂર્વક જણાવવામાં આવ્યું હતું. તેમણે વિવિધ ક્ષેત્રમાં વ્યાવસાયિક મહિલાઓને યોગ્ય પ્લેટફોર્મ રળી રહે તે માટે ચેમ્બરની મહિલા પાંખને આ પ્રકારની બેઠકો અને પ્રોત્સાહક

કાર્યક્રમો દ્વારા મહિલાઓના સર્વાંગી વિકાસની તકો ઉભી કરવા આહવાન કર્યું હતું. આ બેઠકમાં મોટી સંખ્યામાં મહિલા ઉદ્યોગ સાહસિકો અને વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## લોક અદાલત:

કચ્છમાં ગઈકાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં પ્રિન્સિપાલ જજ, ફેમિલી કોર્ટ, ભુજ-કચ્છ ખાતે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ તથા ગુજરાત હાઇકોર્ટનાં માર્ગદર્શન તળે રાષ્ટ્રીય લોકઅદાલત યોજવામાં આવી હતી.જેમાં146 કેસનું સમાધાનની રાહે નિકાલ થયો હતો. આ લોકઅદાલતમાં કુલ 153 કેસ મૂકવામાં આવ્યા હતા. આ કેસો પૈકી ફેમિલી સ્યૂટ / લગ્નવિષયક 38 કેસ માંથી આઠ કેસમાં સમાધાન રાહે નિકાલ થયો હતો તેમજ ફોજદારી, પરચૂરણ અરજી જેમાં ભરણપોષણ અંગેના 115 કેસ મઆથી, જેમાં 59 કેસમાં સમાધાન થયું છે. આમ, ભુજ ખાતે પ્રિન્સિપાલ જજ ફેમિલી કોર્ટમાં 67 કેસનું સમાધાન રાહે નિકાલ થયો હતો. આ ઉપરાંત ગાંધીધામ-ભચાઉ ખાતે ફેમિલી કોર્ટમાં 48 કેસ તેમજ મુંદરા-નખત્રાણા ખાતે ફેમિલી કોર્ટમાં કુલ 31 કેસનો નિકાલ થયો હતો. આમ, સમગ્ર કચ્છ જિલ્લામાં કુલ 146 કેસનું સમાધાન-નિકાલ થયો હોવાનું યાદીમાં જણાવાયું છે.

---

## કચ્છી સાહિત્ય મંડળ-પુસ્તક વિમોચન:

કચ્છી સાહિત્ય મંડળ દ્વારા પ્રકાશિત અને પ્રમોદ જેઠી લેખિત `હલો મૂં ભેરા' પુસ્તક વિમોચન કાર્યક્રમ ભુજ ખાતે જયંતી જોશી `શબાબ'ના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. પુસ્તક વિમોચન બાદ કચ્છી ભાષા - સાહિત્ય પુસ્તક પરીક્ષા મણકો - 2ના પરીક્ષાર્થીઓને પુરસ્કાર પ્રમાણપત્ર આપી સન્માન કરાયું હતું.

---

## બી.એ. /બી.કોમ.એક્સ્ટર્નલ પરીક્ષા:

આગામી 15 જુલાઈથી કચ્છ યુનિવર્સિટીની એક્સ્ટર્નલ બી.એ. /બી.કોમ. સેમેસ્ટર 1 અને 2ની ATKT પરીક્ષા શરૂ થવાની છે. વિદ્યાર્થીઓ પોતાની લોગીન આઈડી મારફતે હોલ ટિકિટ ડાઉનલોડ કરી શકશે.

જે વિદ્યાર્થીઓની એક્ષ્ટર્નલ ATKT પરીક્ષાની રસીદ તેમના લોગીન આઈ.ડી.માંથી ડાઉનલોડ ન થઈ શકતી હોય તેવા વિદ્યાર્થીઓએ જાહેર રજાના દિવસો સિવાય સવારે 11 થી 2 અને બપોરે 3 થી 4 દરમિયાન સુધી રૂમ નં.114 ,વિદ્યાર્થી શાખા, કચ્છ યુનિવર્સિટીનો સંપર્ક કરી એક્ષર્ટનલ ATKT પરીક્ષાની રસીદ મેળવી લેવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------